# Telephone Conversation between PM and Sultan of Oman

April 07, 2020

## વડાપ્રધાન અને ઓમાનનાં સુલતાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 07, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઓમાનનાં સુલતાન મહામહિમ હૈથામ બિન તારિક સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારીથી આવી પડેલા આરોગ્ય અને અર્થતંત્રનાં પડકારો પર, અને તેઓનાં પ્રતિભાવમાં તેઓનાં સંબંધિત દેશો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ પર ચર્ચા કરી હતી. તેઓ સંમત થયા હતા કે કટોકટીનું નિરાકરણ લાવવામાં બન્ને દેશો એકબીજાને સંભવિત તમામ સહાય કરશે.

મહામહિમ સુલતાને વર્તમાન પરિસ્થિતિમાં ઓમાનમાં ભારતીય સમુદાયની સુરક્ષા અને સુખાકારી અંગે વડાપ્રધાનને ખાતરી આપી હતી. તેણે ભારતમાં ઓમાની નાગરિકોને ભારત સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલી તાજેતરની સહાયતા બદલ પણ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને સ્વર્ગવાસી મહામહિમ સુલતાન કાબૂસનાં અવસાન પર ફરીથી દિલાસો પાઠવ્યો હતો. તેણે સુલતાન હૈથામનાં શાસન, અને ઓમાનનાં લોકોની શાંતિ અને સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેણે ભારપૂર્વક કહ્યું હતું  ભારત ઓમાનને તેનાં વિસ્તૃત પાડોશીઓનો એક ખુબ જ મહત્વનો ભાગ માને છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 07, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.